# ઊંઝામાં હિંસક અથડામણો સામે સજ્જડ બંધ પળાયો

ઊંઝા, તા. ૭

ઊંઝા શહેરમાં ગત તા. ૨૧મી ઓગષ્ટના રોજ બનેલ બે હિંસક ઘટનાઓમાં સંડોવાયેલ ગુનેગારોને પકડવામાં પોલીસતંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિક આંટા કડવા પાટીદાર યુવા સંગઠન દ્વારા અપાયેલ ઊંઝા બંધના એલાન મુજબ આજે ઊંઝા શહેરમાં સંપૂર્ણ બંધ પળાયો હતો. સ્થાનિક માર્કેટયાર્ડ, વિવિધ બજારો, શૈક્ષણિક સંસ્થાઓ, ફેક્ટરીઓ, ઔદ્યોગિક એકમો વિગેરેએ સજ્જડ બંધ પાળ્યો હતો.

દરમિયાન આંટા કડવા પાટીદાર સમાજ ઊંઝાના પ્રમુખ મહેન્દ્રભાઈ આર. પટેલે અગાઉ પોલીસ ઈન્સ્પેક્ટરને એક આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં હિંસક હૂમલાઓ, લૂંટ, તોડફોડના નોંધાયેલ ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓને સત્વરે પકડવા માટે પોલીસને આવેદનપત્ર આપ્યું હતું. પરંતુ રાજકીય દબાણને લીધે પોલીસતંત્ર ઢીલી નીતિ અપનાવતા પુનઃ ગઈકાલે આંટા કડવા પાટીદાર સમાજના પ્રમુખ દ્વારા આરોપીને પકડીને શહેરમાં શાંતિ સ્થપાય તે માટે પગલાં ભરવા અંગે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આમ બીજીવાર આવેદનપત્ર આપ્યા બાદ સ્થાનિક અગ્રણી અને ઊંઝા ના.સ. બેંકના પ્રમુખ કા.મુ. પટેલના નેતૃત્વ હેઠળ આંટા કડવા પાટીદાર યુવા સંગઠને નગરમાં અશાંતિ ફેલાવતા તત્વો સામે પોલીસ તંત્ર તરફથી કોઈપણ કાર્યવાહી ન કરતાં પોલીસની નિષ્ક્રિયતા સામે ઊંઝા બંધનું એલાન અપાયું હતું. જે મુજબ આજે ઊંઝા શહેર સંપૂર્ણ બંધ રહ્યુ હતુ. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં અશાંતિનો માહોલ સર્જાતા પોલીસતંત્રની કાર્યશૈલી સામે પણ સવાલો ઉઠ્યા છે.



# પાલનપુરમાં આરોપીનું કસ્ટડીમાં અચાનક મોતથી ખળભળાટ

પાલનપુર શહેરના પૂર્વ પોલીસ મથકના કસ્ટડી રૂમમાં જ એક આરોપીનું મોત નિપજતા ખળભળાટ મચી છે. પાલનપુર શહેરના રહેવાસી મનુભાઈ પંચાલ આરોપીને પોલીસે દારૂના ગુનામાં અટકાયત કરી હતી. પોલીસના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આરોપીને બ્લડ પ્રેશરની બીમારી હતી અને દારૂના નશાનું વ્યસન પણ હતુ જોકે પોલીસ કસ્ટડીમાં અચાનક આજ સવારે આરોપીનું મોત થતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગઈ હતી. મૃતક આરોપીને પાલનપુર સિવિલમાં પી.એમ. માટે ખસેડવામાં આવ્યો હતો. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મૃતક આરોપીના સગા-સંબંધીના હૈયાફાટ રૂદનથી સિવિલ પરિસરમાં હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા.

# રખડતા પશુઓ રોડ પર આવતા અટકાવવા કલોલ પ્રાંતે નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ-મહેસાણા હાઈવે પર વારંવાર રસ્તા પર આવી જતા રખડતા પશુઓને કારણે વાહનચાલકોને પડી રહેલી તકલીફોને લઈ કલોલ પ્રાંત અધિકારી પાડલિયાએ આ રોડની નિભાવણી અને જાળવણી કરતા જી.આર.આઈ.સી.એસ. કંપનીના મેનેજર તેમજ ખાસ ફરજ પરના અધિકારી વિશિષ્ટ યોજનાને ૧૩૩ હેઠળની કાર્યવાહી માટે નોટીસ આપી છે. આ માટે ૧૫ સપ્ટેમ્બરના રોજ સુનાવણી પણ રાખવામાં આવી છે. પ્રાંત અધિકારી દ્વારા રોડ પર ધસી આવતા પશુઓની સમસ્યાના ઉકેલ માટે અપનાવવામાં આવેલ આ આક્રમક અભિગમને લોકોએ આવકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રાંત અધિકારીએ પાઠવેલી નોટીસ સાથે રખડતા પશુઓ જે રીતે ગંદકી ફેલાવે છે તેમજ માનવને થતા નુકશાન અંગે ગંભીર નોંધ લીધી છે એટલુ જ નહિ પશુઓ કેવી રીતે ટ્રાફિકને અડચણરૂપ થઈ રહ્યા છે તે માટે ૧૦ જેટલા ફોટોગ્રાફસ પણ નોટીસ સાથે બીડવામાં આવ્યા છે. પ્રાંત અધિકારીએ હાઈવે પરના ટ્રાફિકના ભારણને ધ્યાને લઈ નોટીસ ફટકારી છે. રખડતા પશુઓને મુદ્દે તંત્ર દ્વારા પાઠવવામાં આવેલી નોટીસથી ચકચાર મચી જવા પામી છે.

# આ વર્ષે પ્રાથમિકમાં ૮૩૦૦ અને માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિકમાં ૭૮૬૩ શિક્ષકોની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૭

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગર ખાતે વિપક્ષી નેતા દ્વારા કરાયેલ શિક્ષણ અંગેના તમામ આક્ષેપોને તદ્દન પાયાવિહોણા અને બેબુનિયાદ ગણાવી ફગાવ્યા હતા. મંત્રીએ જણાવ્યું હતું કે વિપક્ષ પાસે વર્તમાન સરકાર સામે આધાર-પુરાવા વગરના આક્ષેપો કરવા સિવાય કોઈ અન્ય સર્જનાત્મક કામ નથી, રાજ્ય સરકારે છેલ્લા દોઢ દાયકાથી શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ નવા આયામો શરૂ કર્યા છે. તમામ ગામોમાં શાળાઓ શરૂ કરી શિક્ષણમાં આમૂલ પરિવર્તનનું કાર્ય વર્તમાન સરકારે કર્યુ છે. વિપક્ષી નેતા દ્વારા ગુજરાતમાં શિક્ષકોની ઘટ તેમજ પ્રાથમિક શાળાઓ બંધ કરવી પડી તેનો સચોટ અને પુરાવા સાથે જવાબ આપતાં મંત્રી ચુડાસમાએ કહ્યું હતું કે રાજ્યમાં ૨,૨૦,૧૨૩ પ્રાથમિક તેમજ ૯૦,૨૨૮ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોના મંજૂર મહેકમ સામે હાલમાં પ્રવાસી શિક્ષકો સહિત ૨,૧૫,૩૧૮ પ્રાથમિક તેમજ ૮,૦૨૬ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો ફરજ બજાવે છે. છેલ્લા પાંચ વર્ષમાં વર્તમાન સરકાર દ્વારા ૪૯,૧૧૬ પ્રાથમિક શિક્ષકોની ભરતી તેમજ ચાલુ વર્ષે વધુ ૮,૩૦૦ પ્રાથમિક શિક્ષકોની અને ૭૮૬૩ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ભરતી હાથ ધરવામાં આવનાર છે. આમ છેલ્લા પાંચ વર્ષમાં એક પણ શાળા બંધ પડી નથી.

ઈજનેરી ડીગ્રી-ડીપ્લોમાં, એમ.બી.એ., એમ.સી.એ. વગેરે વિદ્યાશાખાઓની કુલ ૮૦,૦૦૦ જેટલી સીટો ભરાઈ ગઈ છે. મેનેજમેન્ટ ક્વોટાની પ્રવેશ કાર્યવાહી ૩ સપ્ટેમ્બર ૨૦૧૬થી શરૂ કરવામાં આવી છે, જે ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી પૂર્ણ કરવામાં આવશે. કુલ ૩૨,૭૭૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્યા અને કુમાર માટે અલગ શૌચાલયો તેમજ ૩૨,૭૪૦ શાળાઓમાં વીજળીની સુવિધાઓ પણ રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવી છે, જે રાજ્ય સરકારની શિક્ષણ પ્રત્યેની નેમ દર્શાવે છે, તેમ પણ મંત્રીએ ઉમેર્યુ હતું. શિક્ષણમંત્રી ચુડાસમાએ વિપક્ષી નેતાના અક્ષેપોના નક્કર પુરાવા સહિત મુહતોડ જવાબો આપી તેમના પુરાવા-પાયાવિહોણા તદન ખોટા આક્ષેપોને ફગાવ્યા હતા.



# મોડાસાના ગણેશ મહોત્સવમાં ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાની મૂર્તિનો ટ્રેન્ડ

ભગવાન ગણેશ વિઘ્નહર્તા દેવ તરીકે સર્વત્ર પુજાય છે. ત્યારે ગણેશ ચતુર્થીના દિવસે ઠેર ઠેર ગણેશ મહોત્સવની સ્થાપન વિધિમાં ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાની મૂર્તિનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. શહેરના ઘરોમાં અને ધંધા-રોજગારના સ્થળોએ ચાલુ વર્ષે મુખ્યત્વે ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. મોડાસાના બોરડીવાડા કુવા નજીક ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાની મૂર્તિની સ્થાપના કરી પ્રદૂષણ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ઈકો ફ્રેન્ડલી ગણપતિદાદાના દર્શન કરવા શહેરીજનો દરરોજ મોટી સંખ્યામાં ઉમડી પડે છે.

## કંપની સમાચાર

## ટાટા મોટર્સને ૫,૦૦૦થી વધુ બસોનો ઓર્ડર મળ્યો

ટાટા મોટર્સ, દેશની સૌથી મોટી કોમર્શિયલ વ્હીકલ ઉત્પાદકે જાહેરાત કરી છે કે તેને દેશભરના ૨૫ રાજ્યો કે શહેર ટ્રાન્સપોર્ટ સાહસ તરફથી ૫ હજાર બસોનો ઓર્ડર મળ્યો છે. આ દર્શાવે છે કે ટાટા મોટર્સના ઓર્ડર બુક પોઝીશનમાં ગત વર્ષ કરતા ૮૦ ટકાની જંગી વૃદ્ધિ થઈ છે. એસટીયુની ખરીદીમાં (સ્ટેટ ટ્રાન્સપોર્ટ અંડરટેકીંગ્સ) મોટો ઉછાળો, એ આશરે ૪ વર્ષના અંતરાલ પછી જોવા મળી રહ્યો છે, જે રાજ્ય સરકારો અને શહેરી પરીવહન પુરા પાડનારાઓનું નવીનતમ પબ્લીક ટ્રાન્સપોર્ટની દિશા તરફના ધ્યેય બાજુ ઈશારો કરે છે.

જુદા જુદા એસટીયુ કે સીટી ટ્રાન્સપોર્ટ પુરા પાડનાર તરફથી મળેલા ઓર્ડર્સ દર્શાવે છે કે નવી ટેકનલોજી, સેફ્ટી, કમ્ફર્ટ ફીચર્સ અને કનેક્ટેડ આઈટી ઈનેબલ બસોને અપનાવા તરફનો નોંધનીય સુધારો છે. ટાટા મોટર્સ આ એસટીયુને પણ સહકાર આપશે જેથી ટેકનોલોજીના ફાયદાઓ ઝડપથી સમજી શકાય છે.

# કેએસવી ખાતે મહિલા ઉદ્યોગ સાહસિકતા વર્કશોપનો પ્રારંભ

## વુમન એન્ટર પ્રિન્યોરશીપ સેલ અંતર્ગત ૫૦ વિદ્યાર્થીનીઓને સ્વતંત્ર વ્યવસાય થકી પગભર થવા ૨૫ દિવસની પદ્ધતિસરની તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વુમન એન્ટરપ્રિન્યોરશીપ સેલ અંતર્ગત ''મહિલા ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાથે યુનિવર્સિટીની ૫૦ વિદ્યાર્થીનીઓનો ૨૫ દિવસ માટેના વર્કશોપનો પ્રારંભ કરાયો છે. જેમાં તેમને વ્યવસાયિક ક્ષેત્રે પગભર થવા માટેના વિવિધ પાસાં અંગે પદ્ધતિસર તાલીમ આપવામાં આવશે. આ પ્રસંગે જાણીતા આંતરરાષ્ટ્રીય કન્સલટન્ટ પ્રો. અજય દિક્ષિતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યુ હતુ.

અભ્યાસ બાદ પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરી સમાજમાં માનભેર જીવન જીવવાની ખેવના ધરાવતી વિદ્યાર્થીનીઓની વ્યવસાયિક સજ્જતા કેળવવા તેમજ આર્થિક કે કૌશલ્ય અંગેની મુશ્કેલીઓ પાર પાડવા સક્ષમ બનાવવાના હેતુથી કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ખાસ સેલની રચના કરવામાં આવી છે. આ ડબલ્યુઈસી સેલ દ્વારા ૫૦ વિદ્યાર્થીઓને ૨૫ દિવસના વર્કશોપ દ્વારા વિવિધ તાલીમ જેવી કે માર્કેટીંગ મેનેજમેન્ટ, ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ, સોશ્યિલ ડેવલપમેન્ટ, ફેક્ટરી વિઝીટ, માર્કેટ સર્વે, ઉદ્યોગ સાહસિકોનું માર્ગદર્શન તથા મોટિવેશન તાલીમ વગેરે પાસા આવરી લેવાશે. આ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓ જે વ્યવસાયની પસંદગી કરવામાં જરૂરી માર્ગદર્શન, સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી સરકારી સહાયો અંગે માહિતી તેમજ બેંકલોન વગેરેની જાણકારી પણ અપાશે. આ વર્કશોપ માટે વિદ્યાર્થીનીઓની લેખિત તેમજ મૌખિક પરીક્ષા દ્વારા પસંદગી કરાઈ છે. વર્કશોપના પ્રારંભે યુનિવર્સિટીમાં ડબલ્યુઈસી સેલના ચીફ સહિત સંલગ્ન તમામ સંસ્થાઓના ડબલ્યુઈસી કો-ઓર્ડિનેટર્સ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર વર્કશોપની સફળતા માટે કૃતિ પટેલ અને શિવાની ત્રિવેદી જહેમત ઉઠાવી રહ્યાં છે.




ભાદરવી પુનમે મા જગદંબાના ચરણોમાં શિષ ઝુકાવવા મોટી સંખ્યામાં માઈ ભક્તો પદયાત્રાએ નિકળ્યા છે. આ પદયાત્રીઓની સેવામાં પણ એટલી જ મોટી સંખ્યામાં ઠેર ઠેર વિસામા શરૂ થઈ ગયા છે. જેમાં તલોદ પંથકમાંથી પસાર થતા રખિયાલ, ઉજેડીયા થઈ હિંમતનગર જતા અંબાજી માર્ગ ઉપર તલોદ ખેરોલ મધ્યે તલોદના પૂર્વ કોર્પરેટર તેમજ પત્રકાર પ્રવિણભાઈ રાવલના પિતાશ્રીની યાદમાં દાદાજીનો વિસામા આજે વિધિવત રીતે શરૂ કરાયો છે. આ વિસામામાં પીવાના પાણી, ભોજન તેમજ આરોગ્ય સેવાનું સુંદર આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ચોવીસ કલાક આ વિસામામાં દાદાજીનો સમસ્ત પરિવાર ખડેપગે રહી પદયાત્રીઓની સેવા કરશે તેવું પ્રવિણભાઈ રાવલે જણાવ્યું હતું. દૈનિક આ વિસામામાં માતાજીની આરતી, પૂજા અર્ચના તેમજ મહાપ્રસાદનું પણ આયોજન હાથ ધરાયેલ છે.

## કાફલા પર હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ ભાગોમાં છેલ્લા દોઢ મહિનાથી વધુ સમય ગાળાથી મજબુત સુરક્ષા વ્યવસ્થા યથાવત રાખવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે પગલા લેવાઈ રહ્યા છે. ખીણમાં સ્થિતીને સામાન્ય બનાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. રવિવારના દિવસે જુદા જુદા ભાગોમાં હિંસાના બનાવોમાં ૨૦૦થી વધારે નાગરિકો ઘાયલ થયા હતા. અલગતાવાદીઓ ૮મી સપ્ટેમ્બર સુધી બંધને લંબાવી ચુક્યા છે. બે પોલીસ જવાન સહિત ૭૧ લોકો હિંસામાં હજુ સુધી મૃત્યુ પામી ચુક્યા છે. ૮મી જુલાઈ બાદથી દક્ષિણ કાશ્મીરમાં રક્તપાતની શરૂઆત થઈ હતી. હાલમાં જ પ્રતિનિધિમંડળ સાથે મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ વાતચીત કરી હતી. પ્રતિનિધિમંડળ પહોંચ્યા બાદ મુખ્યમંત્રી પણ તેમને મળવા શેરે કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટરમાં પહોંચ્યા હતા અને વાતચીત કરી હતી.

આ વર્ષે જુલાઈ મહિનામાં હિઝબુલ મુઝાહીદ્દીનના આતંકવાદી બુરહાન વાનીને ઠાર મારી દેવામાં આવ્યા બાદથી હિંસાનો દોર ચાલી રહ્યો છે. કાશ્મીરમાં અલગતાવાદીઓના જીદ્દી વલણના કારણે સ્થિતી સામાન્ય બનવામાં તકલીફ થઈ રહી છે. બીજી બાજુ ત્રાસવાદીઓ અંધાધુંધીનો લાભ લઈ રહ્યા છે.

## શક્તિ પ્રકર્શન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે જેમને રાષ્ટ્રીય મહાનુભાવાઓ, પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર, રાજય સરકારના મંત્રી ગણપતસિંહ વસાવા સહિત અગ્રાણીઓ માર્ગદર્શન કરશે. પંડ્યાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના વરદ હસ્તે સુરત ભાજપા મહાનગરના નવનિર્મિત કાર્યાલય પંડીત દીનદયાળ ઉપાધ્યાય ભવનનું ઉદ્ઘાટન સાંજના ૦૪ કલાકે રાષ્ટ્રીય આગેવાનો, કેન્દ્રીય મંત્રીઓ, પ્રદેશ સંગઠન હોદ્દેદારો, ધારાસભ્યો, સાંસદઓ, સ્થાનિક સંગઠનના આગેવાનો, કાઉન્સીલરો સહિત અગ્રાણી કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં થશે. પંડ્યાએ ઉમેર્યું હતું કે, પાટીદાર સમાજ દ્વારા ભાજપાના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, કેન્દ્રીય મંત્રીઓ પરશોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુને સન્માન સમારોહ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં લાખો પાટીદારોની હાજરીમાં યોજાશે. સાંજે છ વાગે વરાછા રોડ ઉપર પીપી સવાણી સ્કૂલના ગ્રાઉન્ડમાં પાટીદાર અભિવાદન સમિતિ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી અને અન્યોનું દબદબાભેર સ્વાગત કરવાનો હાઈવોલ્ટેજ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. અભિવાદનમાં સૌરાષ્ટ્ર કચ્છમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે.

## સ્પષ્ટ ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જીએસટીને મળી નથી તેમાં પંજાબ, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના અધિકારીઓ કહી ચુક્યા છે કે રાજખોઆ આરોગ્યના કારણોસર હવે હોદ્દા પરથી રાજીનામુ આપી દે તે જરૂરી છે. મોદી સરકાર જીએસટી બિલ આડે તકલીફ આવે તેમ ઈચ્છતી નથી.

સરકાર રાજખોઆને તેમની ઈચ્છાની વિરુદ્ધમાં દુર કરીને હાલમાં તકલીફ ઉભી કરવા માટે તૈયાર નથી. બીજી બાજુ રાજખોઆ કહી ચુક્યા છે કે જો પ્રધાનમંડળની સલાહ પર રાષ્ટ્રપતિ તેમને હોદ્દા પરથી દુર થવા માટે કહેશે તો હોદ્દો છોડી દેશે. રાજખોઆ મે ૨૦૧૫માં અરૂણાચલપ્રદેશના રાજ્યપાલ બન્યા હતા. રાજ્યની રાજનિતીમાં તેમની ભૂમિકાને લઈને હમેંશા પ્રશ્નો થતા રહ્યા છે. અરુણાચલને લઈને અગાઉ પણ ખેંચતાણ થઈ ચુકી છે. રાજ્યપાલનો હોદ્દો બંધારણીય હોદ્દો છે. રાજખોવાનું કહેવું છે કે, જ્યારે તેઓ સ્વસ્થ છે ત્યારે આરોગ્યના કારણોસર રાજીનામુ શા માટે આપવું જોઈએ.

## રહીશો તોબા-તોબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોના આંતરિક માર્ગો પર યોગ્ય અજવાળુ પથરાતુ નથી. જયારે વરસાદી દિવસોમાં મુખ્ય માર્ગો આસપાસના કેટલાક વૃક્ષો પણ નમી ગયેલી હાલતમાં જોખમી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જો કે ચોમાસા પુર્વે વનતંત્ર દ્વારા સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. તેમજ જોખમી ૫૦ જેટલા વૃક્ષો પણ દુર કરાયા હતા. પરંતુ હવે સેકટરોમાં ટ્રીમીંગ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. સેકટરોના આંતરિક માર્ગો પર ઘરઆંગણે જ આડશ બનેલી વૃક્ષોની ડાળીઓ રહીશો માટે અનેકરીતે સમસ્યાનુ કારણ બની રહી છે. જયારે વરસાદી વાયરા દરમિયાન નમી પડેલા વૃક્ષો પણ ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા આ મામલે યોગ્ય સર્વે કરી ભયજનક વૃક્ષો દુર કરવા તેમજ ટ્રીમીંગની જરૂરી કામગીરી હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ફાળવણી નહિ કરાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાણાં વિભાગના સૂત્રો જણાવે છે કે બજેટમાં યોજનાકીય ખર્ચના કદમાં વધારો થતાં પ્રચારમાં તેનો ભરપૂર ફાયદો મેળવી શકાશે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં કેટલી સહાય મળી રહી છે તેની વિગતો પણ હવે અલગથી દર્શાવવામાં આવશે નહિ.

નાણાં વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સરકારે હાલ વર્તમાન બજેટની સમીક્ષા હાથ ધરી છે અને નવા નિયમોની જાણકારી અને સમજ આપતા હુકમો પણ જારી કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. દેશના કેટલાક રાજ્યોમાં આ પ્રથા અમલી હોવાનું પણ નાણાં વિભાગના સૂત્રો કહી રહ્યા છે. જો કે આનાથી કરપાત્ર આવક, બિનકરપાત્ર આવક અલગ કરવાનું કાર્યભારણ પણ વધશે તેમજ નાણાં ફાળવણી માટેના જે કોર્ડ નંબરો આપવામાં આવતા હતા તે પણ નવેસરથી નિયત કરી ફાળવવામાં આવશે.

આગામી દિવસોમાં વધુ નાણાંકીય વહીવટના સુધારાઓ પણ જાહેર કરવામાં આવશે. જેમાં પી.પી.પી. મોડેલથી જ વિકાસના કામો હાથ ધરવા ઉપરાંત કલ્યાણલક્ષી યોજનાઓમાં ઘટાડો થાય તેવી શક્યતાઓ પણ જોવામાં આવી રહી છે.

## રામભરોસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેશત છે. આર ટી ઓ સંકુલમાં પાર્કીંગની પુરતી જગ્યાના અભાવ વચ્ચે આડેધડ વાહનોનો ખડકલો થાય છે. ગ માર્ગ પર માર્ગ વચાળે જ વાહનો ખડકી દેવાય છે. જેના પરિણામે સ્થાનિક વસાહતીઓએ હાલાકી વેઠવાનો વારો આવે છે. જયારે સતત ચાર્જમાં ચાલતા આર ટી ઓ તંત્રની છેલ્લા કેટલાક સમયથી દશા બેઠી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલ પણ એ આર ટી ઓની જગ્યા ચાર્જમાં છે. પરંતુ ચાર્જના અધિકારી પણ રજા પર હોવાથી ચાર્જની જગ્યાનો હવાલો પણ અન્ય અધિકારીને સોંપવામાં આવ્યો છે. આ સ્થિતિ વચ્ચે અરજદારો ડગલે ને પગલે અટવાય છે. વહીવટી કામગીરી પર વિપરિત અસર પડતા અરજદારો પણ મુંઝવણમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજય સરકારની માડેલ આર ટી ઓ કચેરીમાં છેલ્લા બે વર્ષથી પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની નિમણુંક જ કરવામાં આવી નથી. જયારે ચાર્જ પરના અધિકારીઓ પણ છેલ્લા ૨૦ દિવસથી રજા પર જતા રહેતા ચાર્જમાં ચાલતી કચેરીનો વહીવટ અમદાવાદથી કરવાની નોબત આવી છે. છેલ્લા ૨૦ દિવસથી ઈન્ચાર્જ એ આર ટી ઓ તેમજ ઈન્સપેકટર અચાનક જ રજા પર ઉતરી જતા વહીવટી કામગીરી પણ અડચણે ચઢી છે. આવા સંજોગોમાં કાયમી અધિકારીઓની નિમણુંક કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## કમિશનર સાથે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવી હતી કે કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યો છે. કાર્યક્રમના આયોજન કરનાર લોકો સાથે વાતચીત કરવામાં આવતા આ લોકોએ કોઈપણ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. આ કાર્યક્રમનું આમંત્રણ તેમને થોડાક સપ્તાહ પહેલા જ આપી દેવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેવાની તૈયારી ગૌત્તમ બંબાવલેએ દર્શાવી હતી. બીજી બાજુ ભારતીય અધિકારીઓનું કહેવું હતું કે, કાશ્મીર મુદ્દે પાકિસ્તાનની સામે બંબાવલેના નિવેદનના કારણે આ પગલું લેવામાં આવ્યું હતું. ભારતીય અધિકારીઓ માને છે કે, આયોજન કરનાર તરફથી આ પ્રકારનું વલણ અપનાવતી અપમાન જનક છે. અત્રે નોંધનીય છે કે, બંબાવલેએ પાકિસ્તાનને કાશ્મીર મુદ્દા ઉપર જોરદાર ટિકાટિપ્પણી કરીને તેમની ઝાટકણી કાઢી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ